દેશના ઘણા ભાગોમાં ત્રાસવાદી હુમલાનો ભય

શ્રીનગર,તા. ૧૬

જમ્મુ કાશ્મીરમાં ફરી એકવાર મોટા પાયે આતંકવાદી હુમલા થવાની દહેશત દેખાઈ રહી છે. હાલમાં જ આત્મઘાતી આતંકવાદીઓ જમ્મુ કાશ્મીરમાં સરહદ મારફતે ઘૂસણખોરી કરી ગયાના અહેવાલ મળ્યા છે. આ આતંકવાદીઓ હવે જમ્મુ કાશ્મીર સહિત દેશના ઘણા ભાગોમાં હુમલાની તૈયારીમાં છે. સંસદ પર હુમલાના અપરાધી અફઝલને ફાંસી આપવામાં આવ્યા બાદ ખતરનાક ઈરાદા સાથે બદલાની ભાવનાથી આતંકવાદીઓ ઘૂસી ગયા છે. ગુપ્ત માહિતી મળ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોને ફરી એલર્ટ કરી દેવામાં આવ્યા છે. જુદી જુદી જગ્યાઓએ તપાસ ઓપરેશન પણ ચાલી રહ્યુ છે. દરોડાઓ પણ પાડવામાં આવી રહ્યા છે.

આતંકવાદી સંગઠનોએ વધુ હુમલા કરવાની ચેતવણી આપી દીધી છે જેના પરિણામ સ્વરૂપે આવનાર દિવસોમાં વધુ હુમલા થઈ શકે છે. ઝડપાઈ ગયેલા આત્મઘાતી હુમલાખોર જુબેર ઉર્ફે અબુ તલહા ઉર્ફે રિયાઝ નામના શખ્સે પૂછપરછ વેળા જણાવ્યું છે કે આતંકવાદી સંગઠનોએ ઉત્તર કાશ્મીરના ઉરી સેક્ટર મારફતે નવથી વધુ આતંકવાદીઓને ઘૂસાડી દીધા છે અને આ આતંકવાદીઓ આત્મઘાતી હુમલાઓ કરવા માટે તૈયારીમાં છે. સંસદ પર હુમલાના અપરાધી અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ આત્મઘાતી હુમલો કરવામાં આવનાર છે. જમ્મુ કાશ્મીર પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવેલા જુબેર ઉર્ફે અબુ તલહા ઉર્ફે રિયાઝે એમ પણ

કહ્યું છે કે તે સીઆરપીએફ કેમ્પમાં બુધવારે કરવામાં આવેલા હુમલા દરમિયાન સહેજ રીતે ફરાર થઈ ગયો હતો. સીઆરપીએફ કેમ્પ પર કરાયેલા આ હુમલામાં પાંચ જવાન શહીદ થયા હતા અને અન્ય કેટલાક ઘાયલ થયા હતા. પોલીસનું કહેવું છે કે પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાંથી જુબેર ઉર્ફે અબુ તલહા ઉર્ફે રિયાઝ નામનો આ શખસ એવા ૧૨ આત્મઘાતી આતંકવાદીઓનું ટોળકીનો એક સભ્ય હતો જે ૯મી ફેબ્રુઆરીના દિવસે તિહાર જેલમાં અફઝલ ગુરુને ફાંસી આપવામાં આવ્યા બાદ દિવસોની અંદર ઉરી સેક્ટર મારફતે જમ્મુ કાશ્મીરમાં ઘૂસણખોરી કરી ગયા હતા. રિયાઝે એવો ઘટસ્ફોટ કર્યો છે કે કેટલાક સ્થાનિક કાશ્મીરી બાળકો આત્મઘાતી હુમલાખોરોને શ્રીનગર લઈ જવામાં મદદ કરી ચૂક્યા છે. આ આતંકવાદીઓએ તમામ વ્યવસ્થા તેમને કરી આપી હતી. સ્થાનિક લોકોની મદદના લીધે જ આત્મઘાતી હુમલાખોરો હુમલાને અંજામ આપવામાં સફળ રહ્યા હતા. રિયાઝની પૂછપરછથી ઘણી નવી વિગત પણ ખુલી છે. આવનાર દિવસોમાં જમ્મુ કાશ્મીરમાં ઘણા હુમલાઓ થઈ શકે છે તેવી દહેશતના લીધે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવામાં આવી છે. સાથે સાથે એલર્ટની પણ જાહેરાત કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ રિયાઝ એક મહિના પહેલા જ ઉત્તર કાશ્મીરમાં ઉરી સેક્ટર મારફતે ઘૂસ્યો હતો ત્યાર બાદ બે આત્મઘાતી હુમલાખોર જે પાકિસ્તાન સ્થિત સહિવાલ અને ડેરાગાજીખાનના નિવાસી છે તે કાશ્મીર ખીણમાં ઘૂસી ગયા હતા.

મિત્તલ સામે ફરિયાદ પર ચુકાદો આખરે અનામત

નવી દિલ્હી,તા.૧૬

દિલ્હી કોર્ટે એનડીએના શાસન દરમિયાન વધારાના સ્પેક્ટ્રમ ફાળવણીના કેસમાં ભારતી એરટેલના ચેરમેન સુનિલ મિત્તલની સંડોવણી રજુ કરતી વાસ્તવિકતાને છુપાવવાનો આક્ષેપ કરી સીબીઆઈ ઉપર કરવામાં આવેલા દોષારોપણની નોંધ લીધી છે. સીબીઆઈ પર આક્ષેપ કરતા એનજીઓની ફરિયાદની નોંધ લીધા બાદ આ મામલે તેનો ચુકાદો દિલ્હી કોર્ટે અનામત રાખ્યો છે. ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ કેસમાં તપાસ ચલાવી રહેલા સ્પેશિયલ સીબીઆઈ જજ ઓપી સૈનીએ કહ્યુ છે કે તેઓ ૧૯મી માર્ચના દિવસે ચુકાદો જાહેર કરશે. તેમણે કહ્યુ હતુ કે ફરિયાદ મળી ગયા બાદ દલીલો સાંભળવામાં આવી છે. હવે ફરિયાદ પર ચુકાદો ૧૯મી માર્ચના દિવસે આવશે. એનજીઓના વકિલ સુધીર મલહોત્રાએ કહ્યુ છે કે આ મામલો કોઈ કંપની સામે નથી પરંતુ મિત્તલ સામે પુરાવા મળ્યા છે ત્યારબાદ ફરિયાદ દાખલ કરાઈ છે. કોઈ એક કંપની સામે અમે વાંધો ઉઠાવી રહ્યા નથી. હચિસન સામે આવી કોઈ ફરિયાદ મળી નથી પરંતુ મિત્તલ સામે પુરાવા મળ્યા છે.

કરૂણાનિધિએ કેબિનેટમાંથી હટી જવાની ધમકી ઉચ્ચારી

નવીદિલ્હી,તા.૧૬

ડીએમકે સુપ્રીમો એમ.કરૂણાનિધિએ કોંગ્રેસને ચેતવણી આપી છે કે, ભારત સંયુક્તરાષ્ટ્ર માનવાધિકાર આયોગમાં અમેરિકા સમર્થિત પ્રસ્તાવનું સમર્થન કરશે નહીં તો તેઓ કેન્દ્રીય મંત્રીમંડળમાંથી પોતાના મંત્રીઓને હટાવી લેશે. જોકે ડીએમકેએ સરકારને આપેલ સમર્થન પરત લેવાની વાત કહી નથી.

અમેરિકાના પ્રસ્તાવમાં શ્રીલંકામાં તમિળોના માર્યા જવાની ઘટનાની નિંદા કરવામાં આવી છે. યુપીએના મુખ્ય સહયોગીદળ ડીએમકે ઈચ્છે છે કે

ભારત સરકાર શ્રીલંકામાં તમિળો પર ગુજારવામાં આવેલ અત્યાચાર વિરુદ્ધ લાવવામાં આવી રહેલાં અમેરિકી પ્રસ્તાવનું સમર્થન કરે અને આ બાબતને ધ્યાને લેતા શુક્રવારે ડીએમકે એ સ્પષ્ટ શબ્દોમાં કોંગ્રેસને જણાવ્યું હતું કે, જો યુપીએ સરકાર આ મુદ્દે કોઈ મજબૂત પગલા ભરશે નહીં તો તેઓ સરકારમાંથી તુરંત હટી જશે. ઉલ્લેખનીય છે કે, શ્રીલંકામાં થયેલ માનવાધિકાર ઉલ્લંઘન વિરુદ્ધ ૨૧ માર્ચના રોજ અમેરિકા યુએનમાં એક પ્રસ્તાવમાં લાવી રહ્યું છે. કરૂણાનિધિએ વાત કરી છે કે, ભારતે યુનોના હ્યુમન રાઈટ કમિશન દ્વારા એવી વ્યવસ્થા કરવાની દિશામાં કામ કરવું જોઈએ જેથી શ્રીલંકામાં થયેલ તમિળોના નરસંહારની ઘટનાની તપાસ થઈ શકે અને દોષીઓને ઓળખીને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરી શકાય.તેમણે એમપણ જણાવ્યું હતું કે, અમેરિકી પ્રસ્તાવમાં એવી ઘણી બાબતો સામે આવી છે જેનાથી શ્રીલંકામાં થયેલ નરસંહાર અને યુદ્ધ અપરાધીઓને ઓળખવામાં સહાયતા મળશે. કરૂણાનિધિના નિવેદન પર કેન્દ્રીય વિદેશમંત્રી સલમાન ખુર્શીદે જણાવ્યું છે કે, માનવાધિકાર ભંગ પર લંકા વિરુદ્ધ યુનોના પ્રસ્તાવના પગલે ભારતે પોતાના વલણને અંતિમરૂપ આપવાની પ્રક્રિયા શરૂ કરી દીધી છે અને તમિળોના ઉત્પીડન મુદ્દે ભારત ચિંતિત છે. ઉલ્લેખનીય છે કે, પાછલા બે વર્ષમાં આ ચોથો પ્રસંગ છે જ્યારે ડીએમકે તરફથી યુપીએ છોડવાની ધમકી આપવામાં આવી હોય.

વિમાની ટિકિટની કિમતમાં હાલ દરમિયાનગીરીની ના

નવી દિલ્હી,તા.૧૬

કોમ્પિટિશન કમિશને આજે કહ્યુ હતુ કે વિમાની ટિકિટની કિંમતોના મામલામાં ચકાસણી કરવા માટે કોઈ કારણ નથી. વિમાની ભાડા નક્કી કરવાની જવાબદારી વિમાની કંપનીઓની હોવાની બાબતનો મુદ્દો ફરી એકવાર સપાટી પર આવ્યો છે. સીસીઆઈએ કહ્યુ છે કે હાલમાં એરલાઈન દ્વારા નક્કી



કરવામાં આવતી ટિકિટ કિંમતના મુદ્દાને દરમિયાનગીરી કરવાના કોઈ પણ કારણો નથી. કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા (સીસીઆઈ)ના ચેરમેન અશોક ચાવલાએ કહ્યુ છે કે બજાર દ્વારા તમામ બાબતો આધારિત થયેલી છે. રેગ્યુલેટરની ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે વધુ યાત્રીઓને આકર્ષિત કરવા માટે વિમાની ભાડા ઘટાડી દેવામાં આવ્યા છે. ઈન્ડસ્ટ્રીઝ બોડી એસોચેમ દ્વારા આયોજિત એક પત્રકાર પરિષદના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા ચાવલાએ કહ્યુ હતુકે જ્યા સુધી સીસીઆઈની વાત છે હાલમાં દરમિયાન ગીરી કરવા માટે કોઈ પણ કારણ નથી. તેમના જણાવ્યા મુજબ કમિશન વિમાની ભાડાના મુદ્દામાં ચકાસણી કરવામાં આવશે. આ સપ્તાહની શરૂઆતમાં સીસીઆઈએ ઠેરવ્યુ હતુ કે સરકાર અથવા એવિએશન રેગ્યુલેટર વિમાની ટિકિટની કિમતો મર્યાદિત કરવા માટે કહેશે નહીં કારણ કે આ સેક્ટરમાં હાલમાં ચાલી રહેલી તીવ્ર સ્પર્ધાના ભાગરૂપે છે. રેગ્યુલેટરે ૧૪મી માર્ચના દિવસે તેના આદેશમાં કહ્યુ હતુ કે હાલમાં વિમાની ભાડાને લઈને તીવ્ર સ્પર્ધા ચાલી રહી છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય સામે હાલમાં ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ મામલો સપાટી પર આવ્યો છે. ફરિયાદનો નિકાલ લાવતા સીસીઆઈએ કહ્યુ છે કે ફરિયાદ કોઈ પણ સ્પર્ધાત્મક મુદ્દાઓ ઉઠાવતી નથી. બીજીબાજુ વિમાની ભાડાઓને લઈને એરલાઈન્સો વચ્ચે હાલ ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. જુદી જુદી ઓફરો યાત્રીઓને આકર્ષિત કરવા માટે કરવામાં આવી રહી છે. વિમાની ભાડા આડેધડ નક્કી કરવામાં આવી રહ્યા છે. એરલાઈન દ્વારા નક્કી કરાતી ટિકિટની કિંમતોના મુદ્દે દરમિયાનગીરી કરવાનો મામલો ગરમ થયો હતો. પરંતુ સીસીઆઈએ હવે વિમાની ટિકિટની કિંમતોના મામલામાં હાલ પુરતા ધ્યાન નહીં આપવાની ખાતરી આપી છે. રેગ્યુલેટરની ટિપ્પણીને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. યાત્રીઓને આકર્ષિત કરવા હિલચાલ હોવાનો મત એરલાઈનો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

એચડીએફસી બેંક દ્વારા ફોરેન્સિક ઓડિટ શરૂ

નવી દિલ્હી,તા.૧૬

એચડીએફસી બેંકે તાજેતરમાં જ મની લોન્ડરીંગ સાથે સંબંધિત મામલો સપાટી પર આવ્યા બાદ ફોરેન્સીક ઓડિટ હાથ ધરવા માટે ડેલોઈટની નિમણૂંક કરી છે. ડેલોઈટ દ્વારા તેના તમામ મામલાઓમાં હવે ઉંડી ઓડિટની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. એચડીએફસી બેંકે તમામ ગુંચવણને દૂર કરવા એકાઉન્ટીંગ એન્ડ ઓડિટ કંપની ડેલોઈટની નિમણૂંક કરી છે. જે મની લોન્ડરીંગમાં સામેલ કેટલાક અધિકારીઓના મામલામાં તપાસ હાથ ધરશે. એચડીએફસી બેંકે એક નિવેદનમાં જણાવ્યું છે કે બેંક દ્વારા કોઈ પણ ધારાધોરણોનો ભંગ થયો છે કે કેમ તેમાં તપાસ કરવા અમરચંદ એન્ડ મંગલદાસ એન્ડ સુરેશ એ શ્રોફ એન્ડ કંપનીની પણ પસંદગી કરી છે જે ધારાધોરણોના ભંગના મામલામાં તપાસ કરશે. બેંકે નિવેદનમાં કહ્યુ છે કે એચડીએફસી બેંક સર્વોચ્ચ ધારાધોરણો પાળવા માટે કટિબદ્ધ છે. તેના ગ્રાહકોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટેના પ્રયાસ સતત કરતા રહ્યા છે. પારદર્શક કારોબારમાં આ બેંક વિશ્વાસ રાખે છે. કાયદાઓ અને ધારાધોરણોને હંમેશા અમલી બનાવવામાં આવ્યા છે. નિવેદનમાં જણાવવામાં આવ્યુ છે કે કોબરા પોસ્ટના આક્ષેપોમાં વાસ્તવિકતા છે કે કેમ તેમાં તપાસ કરવા આંતરિક વિભાગિય તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. આ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. વીડિયો રેકોર્ડીંગ અને ઈલેક્ટ્રોનિક ડેટાની પણ ચકાસણી થઈ રહી છે. ઓનલાઈન પોર્ટર કોબરા પોસ્ટે એવો દાવો કર્યો હતો. કે સ્ટિંગ ઓપરેશનમાં તેના દ્વારા ઘણી બધી વિગતો સપાટી પર આવી છે જેમાં જાણવા મળ્યુ છે કે દેશની ત્રણ સૌથી મોટી ખાનગી બેંકો આઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, એક્સીક બેંક અંદર અને બહાર મની લોન્ડરીંગમાં સામેલ છે. આડેધડ મની લોન્ડરીંગની પ્રવૃત્તિ ચાલી રહી છે. બ્લેક મનીને વ્હાઈટ કરવાનું કામ ચાલી રહ્યુ છે. આ સપ્તાહની શરૂઆતમાં જ પોર્ટલ કોબરા પોસ્ટે એચડીએફસી બેંક સહિત ખાનગી બેંકોના અધિકારીઓના વીડિયો રેકોર્ડીંગ રજુ કર્યા હતા. ઓપરેશન રેડ સ્પાઈડર નામથી આ સમગ્ર ઓપરેશન હાથ ધરાયુ હતુ. કોબરા પોસ્ટના આ ધડાકા બાદ ઘણા કર્મચારીઓ સસ્પેન્ડ પણ થઈ ચુક્યા છે.

શાહી ઈમામ બુખારીએ સપા સાથે સંબધ તોડ્યો

નવીદિલ્હી,તા.૧૬

ઉત્તર પ્રદેશની અખિલેશ સરકારનું એક વર્ષ પૂરું થયાની ઉજવણી વચ્ચે દિલ્હીની જામા મસ્જિદના શાહી ઈમામ સૈયદ અહમદ બુખારીએ સમાજવાદી પાર્ટી સાથેનો સંબંધ તોડવાની જાહેરાત કરી છે. બુખારીએ મુલાયમસિંહ યાદવ, અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટી સરકાર પર મુસલમાનો સાથે વચન તોડવાનો આરોપ મૂક્યો છે. તેમણે જણાવ્યું છે કે, મુલાયમસિંહ યાદવ દ્વારા તેમને આપવામાં આવેલ મુસલમાનોના હિતના વચનો ઉપર સપા સરકારે કોઈ અમલ કર્યો નથી. આ મુદ્દે તેમણે સંબંધ તોડવા વિશે મુલાયમસિંહ યાદવને એક પત્ર પણ લખ્યો છે અને પોતાના સહયોગી એવા સપા નેતાઓને પણ પાર્ટી છોડવા જણાવ્યું છે. બુખારીની અપીલ પર નાગરિક સુરક્ષા પરિષદના અધ્યક્ષ વસીમ અહેમદ ખાંએ પોતાનું રાજીનામું સોંપી દીધું છે.સપા ક્વોટાથી વિધાન પરિષદના સભ્ય બનાવવામાં આવેલ ઈમામ બુખારીના જમાઈ ઉમર અલી

ખાનને પણ પોતાનું ત્યાગપત્ર આપવા જણાવી દેવામાં આવ્યું છે. સમાચારપત્ર સાથેની વાતચીતમાં મૌલાના બુખારીએ કહ્યું હતું કે, મુલાયમસિંહ યાદવે જિલ્લાઓમાં ફરજ પર મૂકવામાં આવનાર અધિકારીઓમાં મુસ્લિમ અધિકારીઓની સંખ્યા વધારવાનું વચન આપ્યું હતું પરંતુ એક વર્ષ પૂર્ણ થવા છતાપણ હજુસુધી તેનો અમલ કરાયો નથી. વળી, પાછલા દિવસો દરમિયાન ઉત્તર પ્રદેશમાં ઘણી જગ્યાઓએ રમખાણો પણ થયા છે તેમજ મુસલમાનોના અધિકારોની રક્ષામાં પણ નરમાઈ દેખાઈ રહી છે.

કોમવાદી પરિબળોની સામે લડત ચલાવવાની જરૂર : સોનિયા ગાંધી

માલદા,તા.૧૬

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ આજે કહ્યુ હતુ કે ભારતને આર્થિક અને સામાજિક વિકાસ માટે અસરકારકરીતે કોમવાદી પરિબળો સામે લડત ચલાવવાની જરૂર છે. માલદા જિલ્લામાં એક કાર્યક્રમમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ જણાવ્યું હતુ કે આર્થિક અને સામાજિક વિકાસ એક સાથે ચાલે તે જરૂરી છે. અમને આ દિશામાં આગળ વધવા માટે કોમવાદી પરિબળો સામે મજબુતરીતે લડત ચલાવવાની જરૂર છે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન મનમોહનસિંહ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીએ કહ્યુ હતુકે ભારત એક બિનસાંપ્રદાયિક રાષ્ટ્ર છે. આ જ અમારી મુખ્ય તાકાત છે. કોંગ્રેસ પાર્ટી દેશના બિનસાંપ્રદાયિક મુલ્યને જાળવી રાખવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. યુપીએ સરકાર દ્વારા લઘુમતિઓ અને પછાત જાતિ માટે ઘણા બધા પગલા લેવાયા છે. મહિલાના ગૌરવને જાળવી રાખવા માટે પણ ઘણા પગલા લેવાયા છે. નરેગા, ભારત નિર્માણ, જે એ ન એ નયુ આર એ મ જે વા કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે. અનઓર્ગેનાઈઝ્ડ સેક્ટર માટે સામાજિક સુરક્ષા સાથે સંબંધિત કાર્યક્રમો પણ શરૂ કરાયા છે. તેમણે કહ્યુ હતુ કે સરકાર ગુનાઓ સામે મહિલાઓને રક્ષણ આપા ટૂંકમાં એક કાયદો પસાર કરશે. બજેટમાં સરકારે મહિલા રાષ્ટ્રીયકૃત બેંકની રચના કરવાની જાહેરાત કરી હતી. આ બેંક ૧૦૦૦ કરોડ રૂપિયાની પ્રાથમિક મૂડી સાથે શરૂ કરવામાં આવશે. આ જ કારણ માટે મહિલાઓ માટે ૧૦૦૦ કરોડના નિર્ભય ફંડની રચના કરવામાં આવનાર છે. બજેટમાં આ અંગેની જાહેરાત કરવામાં આવી હતી. યુપીએ સરકાર પછાત અને લઘુમતિઓ માટે પણ પગલા લઈ રહી છે. તેમને આત્મનિર્ભર બનાવવાના પગલા લેવાઈ રહ્યા છે. સાચર કમિટીના સૂચનોને અમલી બનાવવામાં આવશે. મદરેસાઓમાં ખાસ સ્કોલરશીપ મહિલાઓને આપવામાં આવી રહી છે. લઘુમતિઓ માટે વડાપ્રધાનના ૧૫ મુદ્દાના કાર્યક્રમને અપગ્રેડ કરવામાં આવશે. વડાપ્રધાન પોતે આના પર ધ્યાન આપીર રહ્યા છે. સૂચિત ફુડ સિક્યુરીટી બિલ પણ ટૂંકમાં જ પસાર કરવામાં આવશે.

બેન્ક ઓફ અમેરિકાના બોર્ડમાંથી મુકેશ અંબાણી રાજીનામું આપશે

ન્યુયોર્ક, તા. ૧૬

બેંક ઓફ અમેરિકા કોર્પોરેશને જણાવ્યું હતું કે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન મુકેશ અંબાણી આગામી મે મહિનામાં મળનારી વાર્ષિક શેર હોલ્ડરની મિટીંગમાં પોતે બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાંથી રાજીનામું આપશે.

અંબાણી બેંક ઓફ અમેરિકા બોર્ડમાં માર્ચ ૨૦૧૧ના રોજ જોડાયા હતા. તેઓ પોતે અમેરિકાના ગ્રાહકને સેવા પૂરી પાડવામાં અગ્રેસર ગણાતી બેંકમાં માર્ચ ૨૦૧૧ના રોજ જોડાયા હતા. તે પોતે બેંકની નવી એડવાઈઝરી કાઉન્સીલમાં પોતાનું સ્થાન લેશે. જેમાં ૧૩ જેટલાં બિઝનેસ, એકેડેમિક અને પોલીસી લીડર્સ હશે.

૫૫ વર્ષીય અંબાણીનું સ્થાન મોરગન સ્ટેનલીના એક્ઝિક્યુટિવ રોબોટ સ્કલી લેશે. નોંધનીય છે કે ૧૮ સભ્યોના બોર્ડમાં નવા છ ડિરેક્ટર્સની નિમણુંક કરવાની વિચારણા ઓગસ્ટ મહિનામાં કરવામાં આવી હતી. અંબાણી સિવાયના અન્ય સભ્યો ૭૨ વર્ષની ઉંમરે પહોંચતા બેંકે પૂર્વ આયોજન કર્યુ છે.

બેંકને હાલમાં જ મોર્ગેજ રિલેટેડ ફરિયાદનું સમાધાન કરવા બાબતે સફળતા મળી છે. સાથે સાથે કેપિટલ બિલ્ડીંગમાં પણ બેંકને ઘણી સફળતા પ્રાપ્ત થઈ છે.

ચીફ એક્ઝિક્યુટિવ બ્રેન મોયનીહાન ખર્ચમાં ઘટાડો કરશે અને લોનમાં વધારો કરશે તેવી ઈન્વેસ્ટરોને

આશા છે.

ગુરૂવારે યુએસએ ફેડરલ રિઝર્વ બેંકે પાંચ બિલિયન કોમન સ્ટોકમાંથી લેવા માટેની પરવાનગી આપી છે. સાથે સાથે તેના બેંકના કેપીટલ પ્લાનને મંજૂરી આપતા ૫.૫ બિલિયન પીક્રેર્ડ શેર માટેની પણ મંજૂરી આપી છે.

બેંકના જણાવ્યા અનુસાર અંબાણીનો નિર્ણય એ તેમનો પોતાનો છે. ધ આસ્લોટ -નોર્થ કેરીલોનીયા બેઝડ બેંકે અંબાણી સિવાય કોણ રાજીનામું આપી રહ્યું છે, તેની માહિતી બહાર આવી નથી. કંપનીની વેબસાઈટના જણાવ્યા અનુસાર કંપનીના ત્રણ ડીરેક્ટર્સની ઉંમર ૭૧ વર્ષ છે.'

આ પહેલા બેંકે ૨૦૦૯માં મોટો ફેરફાર કર્યો હતો. જ્યારે ફેડરલ રેગ્યુલેટરીએ બેંકને ડાયરેક્ટરોની સંખ્યામાં વધારો કરવાનો હુકમ કર્યો હતો. તે વખતે ફાયનાન્સિયલ એક્સપર્ટોને બેંકમાં ડાયરેક્ટર તરીકેનું સ્થાન આપવામાં આવ્યું હતું. જો ફેડરલ ડિપોઝીટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશનના ચેરમેન ડોન યોવેલ પણ જો પોતે બોર્ડ ઓફ ડિરેક્ટરમાંથી રાજીનામું આપશે તો ૨૦૦૯માં બોર્ડ ઓફ ડીરેક્ટર્સમાં આવેલા માત્ર ૨ વ્યક્તિઓ જ રહેશે.

આ છ બોર્ડ મેમ્બર્સ જે ઓગસ્ટમાં જ બોર્ડ ઓફ ડિરેક્ટરમાં આવ્યા છે, તેઓ ભૂતપૂર્વ સંરક્ષણ દળ અથવા આરોગ્ય ખાતાના કર્મચારીઓ તરીકે રહી ચૂકેલા છે. બેંક ઓફ અમેરિકાના શેરના ભાવમાં ૩.૮ ટકાનો વધારો શુક્રવારે થયો હતો. આ વર્ષે બેંકનો શેર ૮ ટકા જેટલો ઊંચો રહ્યો છે.

બેન્કોંકમાં મોટી વિમાની દુર્ઘટના ટળી જતાં રાહત

નવી દિલ્હી,તા. ૧૬

ભારતથી ઉડાણ ભરેલા થાઈ એરવેઝના આંતરરાષ્ટ્રીય વિમાનના ટાયર બેન્કોંકમાં આજે વહેલી સવારે ઉતરાણ કરતી વેળા ફાટી જતાં ભારે અફડા તફડી મચી ગઈ હતી.

આજે વહેલી સવારે બેંન્કોકમાં વિમાની મથકે ઉતરાયણ વેળા આ બનાવ બન્યો હતો. તમામ ૨૮૭ યાત્રીઓ અને ક્રૂ સભ્યોને ટ્રીન એન્જિનવાળા એરબસ ૩૩૦-૩૦૦ વિમાનમાંથી નીચે ઉતારવામાં આવ્યા હતા. આ વિમાન ૨.૪૮ વાગે કોલકાતાથી રવાના થયું હતું. બેન્કોંક પોસ્ટે અહેવાલ આપતા જણાવ્યું છે કે આમા કોઈને પણ ઈજા થઈ નથી. બનાવ બાદ બેન્કોક વિમાની મથકે યાત્રીઓ માટે નવી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ વિમાન સવારે ૬ વાગે બેન્કોંક વિમાની મથકે ઉતર્યું હતું. વધુ વિગત મળી શકી નથી. કોલકાતાથી વહેલી પરોઢે આ વિમાન રવાના થયું હતું.

સચિન-રેખાને સદનમાંથી હંમેશ માટે રજા આપી દો

રાજ્યસભામાં શુક્રવારના રોજ થોડુક હળવું વાતાવરણ જોવા મળ્યું હતું. ગૃહના ડેપ્યુટી ચેરમેન પી.જે.કુરિયને ક્રિકેટના ભગવાન એવા સચિન તેંદુલકરની રજાની મંજુરીની માહિતી ગૃહને આપી હતી જેના પર સમાજવાદી પાર્ટીના સાંસદ નરેશ અગ્રવાલે ટીખળ કરતા રાજ્યસભાના બંને સદસ્યો સચિન અને પીઢ અભિનેત્રી રેખા વિશે કહ્યું હતું કે, ખૂબજ મુશ્કેલીથી બંને સભ્યો સદનમાં આવે છે માટે બંને સભ્યોને હંમેશ માટે કેમ રજા આપી દેવામાં ન આવે. તેમની આ ટીખળ સાંભળી સદનમાં ઉપસ્થિત સભ્યો ખડખડાટ હસી પડ્યા હતાં. હાલમાં ચાલી રહેલ બોર્ડર-ગાવસ્કર શ્રેણીના પગલે સચિન તેંદુલકર સંસદના બજેટ સત્રમાં ભાગ લેવા માટે ઉપસ્થિત રહી શક્યા નથી. રાજ્યસભાએ શુક્રવારના રોજ ક્રિકેટ શ્રેણીને જોતા સચિનની ૨૧ ફેબ્રુઆરીથી સાત માર્ચ સુધીની રજા મંજુર કરી હતી. સચિન તેંદુલકર હાલમાં ચાલી રહેલ બજેટ સત્રમાં એકપણ દિવસ ભાગ લઈ શક્યા નથી જ્યારે ૨૨ માર્ચના રોજ સમાપ્ત થતા આ સત્રમાં ફક્ત એક જ સપ્તાહનો સમય બાકી છે.

સમાચાર ઝલક

- **બાર કોડેડ રેશનીંગ કાર્ડનો અમલ સૌ પ્રથમ ગુજરાતમાં શરૂ થયાની પ્રશંસા.**
- **પાકિસ્તાનમાં બોમ્બ હુમલાના આરોપસર ૧૧ બાળકોને પકડતા ચકચાર.**
- **ભૂજમાં ૧૨ વર્ષ બાદ તબીબને ભૂંકપ વખતે થયેલ નુકશાનની વીમા રકમ મળી.**
- **રાજસ્થાનના ભિલવાડાની એક શાળામાં ૩૫ બાળાઓનાં વાળ શિક્ષકોએ કાપી નાખ્યાં.**
- **મુંબઇમાં બિયર બારમાં અશ્લીલ નૃત્ય કરતી ૬૫ બાર ડાન્સર ગિરફતાર.**
- **બ્રિટનમાં કેટલોક વિસ્તાર બરફની ખીણમાં સપડાયો, ટ્રેન વ્યવહાર રદ કરવો પડ્યો, લોકોમાં હાહાકાર મચ્યો.**
- **ભારતમાં પણ હવાઇ મથકો પર પ્રવાસીઓએ તપાસ માટે બુટ-પટ્ટો વગેરે ઉતારવા પડશે.**
- **ભારત-પાકિસ્તાન વચ્ચે સ્ફોટક પરિસ્થિતિ.**
- **એન્ટી રેપિંગ બીલ હજુ મુશ્કેલીમાં, રાજકીય પક્ષોનાં મતો ભિન્ન ભિન્ન.**
- **સપ્તાહમાં જ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીએ આંબવાની શક્યતા.**
- **રાજકોટમાં વેરો નહી ભરનાર બેંકોનું એટીએમ મશીન સીલ કરતી મહાનગરપાલિકા.**
- **જૂનાગઢમાં પાણી માટે મહિલાઓનું ઘમસાણ, બેડા સાથે ચક્કાજામ.**
- **'અવકાશ પરી' સુનિયા વિલિયમ્સ એપ્રિલમાં પાંદ દિવસ માટે ગુજરાતનાં પ્રવાસે આવશે.**
- **પાકિસ્તાનથી ઇલાજ માટે ઓવલી નવ વર્ષની બાળકીને રાજકોટની સ્ટર્લિંગ હોસ્પિટલમાં નવજીવન મળ્યું.**
- **આજે વિશ્વ ઊંઘ દિવસ હતો, તમો સારી રીતે ઊંઘી શકો છો? કેટલું ઊંઘો છો, કેવું ઊંઘો છો? તે મહત્ત્વનું છે, ઓછી ઊંઘ અનેક રોગોનું ઉદ્‌ભવ સ્થાન.**
- **ડીઝલની બેવડી ભાવનીતિ સામે મદ્રાસ હાઇકોર્ટનો સ્ટે.**
- **સ્વાઇન ફ્લૂને મટાડવા માટે એન્ટી બાયોટીક્સ આડેધડ ન લેવા તબીબોની સલાહ.**